# 8 ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ કારોબારી

N8W4S5

બીજા વિશ્વયુદ્ધ પછી આધુનિક રાજ્યોએ કલ્યાણ રાજ્યના ખ્યાલને સ્વીકાર્યો છે. તેથી રાજ્યનું કાર્યક્ષેત્ર દિન-પ્રતિદિન વિસ્તરતું જાય છે. લોકકલ્યાણના સાધન તરીકે રાજ્ય કાર્ય કરે તેવી અપેક્ષા રખાય છે. રાજ્ય સરકારરૂપી સાધન દ્વારા રાજ્યના ધ્યેયને મૂર્તિમંત કરવા પ્રયત્નશીલ બને છે. આ ધ્યેયને ચરિતાર્થ કરવા સરકારને ત્રણ અંગોમાં વિભાજિત કરવામાં આવે છે : (1) ધારાસભા (2) કારોબારી (3) ન્યાયતંત્ર.

કારોબારી સરકારનું એક અતિ મહત્ત્વનું અંગ છે. તેનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું છે. શાસનવિષયક નીતિ ઘડવાનું તેમજ તે અંગે પગલાં લેવાનું કાર્ય પણ તે કરે છે.

## કારોબારી : અર્થ અને વ્યાખ્યા

કારોબારીની વ્યાખ્યા બે અર્થમાં કરી શકાય. સરળ અર્થમાં કહીએ તો, જે રાજ્યનો કારોબાર (વહીવટ) ચલાવે તે કારોબારી. વિશાળ અર્થમાં કારોબારીનો અર્થ સમજાવતાં પ્રા. જે. ડબલ્યુ ગાર્નર લખે છે કે, રાજ્યની ઇચ્છા, નીતિ અને ધ્યેયને કાયદા દ્વારા વ્યક્ત થયા પછી તે ધ્યેયનો અમલ કરતાં તમામ પદાધિકારીઓ, કર્મચારીઓ અને સંસ્થાઓનો કારોબારીમાં સમાવેશ થાય છે. આ વિશાળ અર્થમાં કારોબારીમાં રાજ્યના વડાથી માંડીને પ્રધાનો, સનદી અમલદારો, કર્મચારીઓ વગેરેનો સમાવેશ થાય છે.

ભારતમાં કારોબારી એટલે, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળનો સમાવેશ થાય છે.

## કારોબારીના મુખ્ય બે પ્રકારો

**(1) સંસદીય કારોબારી : અર્થ :** જે તંત્રમાં ધારાસભા અને કારોબારી વચ્ચે પરસ્પર ગાઢ સંપર્ક હોય અને કારોબારી ધારાસભાનું સર્જન ગણાતી હોય તેમજ તે ધારાસભાને જવાબદાર હોય, તેવી કારોબારીને સંસદીય કારોબારી કહેવામાં આવે છે. ગ્રેટ બ્રિટન સંસદીય કારોબારીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. આપણે ભારતમાં પણ સંસદીય કારોબારી સ્વીકારી છે.

**(2) પ્રમુખીય કારોબારી :** પ્રમુખીય કારોબારીની રચના ફ્રેંચ ચિંતક માન્તેસ્કેએ આપેલા સત્તા-વિશ્લેષના સિદ્ધાંત મુજબ થાય છે.

**અર્થ :** જ્યારે ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં ન હોય, તેમજ કારોબારી ધારાસભાને જવાબદાર નહિ, પરંતુ સ્વતંત્ર હોય, તેવી કારોબારીને પ્રમુખીય કારોબારી કહે છે. અમેરિકા (યુ.એસ.એ.) પ્રમુખીય કારોબારીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે.

## કારોબારીનાં કાર્યો

સામાન્ય રીતે કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાનો અમલ કરવાનું છે. પરંતુ આધુનિક રાજ્યોએ કલ્યાણ રાજ્યનું ધ્યેય સ્વીકાર્યું હોવાથી રાજ્યના કાર્યક્ષેત્રની ક્ષિતિજો દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. રાજ્યનાં કાર્યોમાં ઘણો વધારો થતો રહ્યો છે.

**(1) વહીવટવિષયક કાર્યો :** રાજ્યનો સામાન્ય કારોબાર કે વહીવટ કારોબારી ચલાવે છે. આ કાર્ય અતિ મહત્ત્વનું છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે તેમજ પ્રજાની આકાંક્ષાઓ, અપેક્ષાઓ, પરિપૂર્ણ કરવાનું રાજ્યનું ધ્યેય છે. આ ધ્યેય ત્યારે જ સાર્થક થાય જ્યારે રાજ્યમાં કાયદો-વ્યવસ્થા અને શાંતિની જાળવણી થાય. આંતરિક વહીવટની નિષ્ફળતાથી અશાંતિ, અંધાધૂંધી, અરાજકતા પ્રવર્તે છે. પરિણામે સમાજનો વિકાસ અવરોધાય છે. આમ, સ્થિર અને તંદુરસ્ત વહીવટ એ રાજ્ય અને સમાજના વિકાસની પૂર્વશરત છે.

**(2) યુદ્ધ કે સંરક્ષણવિષયક કાર્યો :** રાજ્યની સરહદોનું રક્ષણ કરવાનું કાર્ય કારોબારીના માર્ગદર્શન હેઠળ લશ્કર કરે છે. રાજ્યની અખંડિતતા જાળવીને લોકોને સલામતી બક્ષવાનું કાર્ય કારોબારી બજાવે છે.

ભારતમાં રાષ્ટ્રપતિ લશ્કરીદળોના સર સેનાધિપતિ છે. તેઓ યુદ્ધ જાહેર કરવાની સત્તા ધરાવે છે. લશ્કરી સજ્જતા સતત તૈયારી, તકેદારી, સજાગતા માગી લે છે. નાગરિક જીવનમાં કે બિનયુદ્ધકીય સંજોગોમાં જેવા કે, અતિવૃષ્ટિ, કોમી તોફાનો જેવી આંતરિક અશાંતિવાળી અસામાન્ય પરિસ્થિતિમાં લશ્કર મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(3) વિદેશ નીતિવિષયક કાર્યો :** દુનિયામાં કોઈ પણ રાજ્ય સંપૂર્ણપણે સ્વાવલંબી નથી. પોતાના રાજ્યની જરૂરિયાતોને પહોંચી વળવા તેને અન્ય રાજ્યો સાથે સંબંધ બાંધવો પડે છે. આ કાર્ય કારોબારી દ્વારા વિદેશમાં નિયુક્ત રાજદૂતો કે હાઈકમિશનર દ્વારા થાય છે.

**(4) ન્યાયવિષયક કાર્યો :** દેશના કારોબારી વડા ન્યાયાધીશોની નિમણૂક કરવાની તેમજ ગુનેગારની સજામાં ઘટાડો કરવાની, સજાને મોકૂફ રાખવાની, તેમાં ફેરફાર કરવાની કે તેને માફ કરવાની સત્તા ધરાવે છે. આ રીતે કેટલાક ન્યાયવિષયક કાર્યો પણ કરે છે.

**(5) નાણાવિષયક કાર્યો :** રાજ્યનું કાર્યક્ષેત્ર દિનપ્રતિદિન વિસ્તરતું જાય છે. તે માટે નાણાકીય સાધનોની જરૂર પણ વધતી જાય છે. કારોબારી દેશના વિકાસાર્થે આવકનાં નવાં સાધનો ઊભાં કરે છે. રાજ્યના કારોબારી વડા વતી સામાન્યતઃ રાજ્યના નાણાપ્રધાન તે વર્ષ માટેનું અંદાજપત્ર (બજેટ) તૈયાર કરે છે અને સંસદમાં રજૂ કરે છે. નાણાકીય ફાળવણી કેન્દ્ર અને ઘટક રાજ્યો વચ્ચે કરે છે.

**(6) ધારાકીય કાર્યો :** ધારાકીય કાર્યો ધારાસભા કરતી હોવા છતાં પણ કારોબારી કેટલાંક ધારાકીય કાર્યો કરતી હોય છે. જેમકે, કારોબારી મોટે ભાગે ખરડા તૈયાર કરવાનું કાર્ય કરે છે.

આમ, કારોબારી અનેકવિધ કાર્યો કરીને રાજ્યનાં ધ્યેયો પાર પાડવા સતત પ્રવૃત્ત રહે છે.

### કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ કારોબારી

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્ર કક્ષાએ કારોબારી તથા (બ) રાજ્ય કક્ષાએ કારોબારીની ચર્ચા કરીશું.

આપણે જોયું કે ધારાસભાનું મુખ્ય કાર્ય ધારા ઘડવાનું અને કારોબારી ઉપર અંકુશ મૂકવાનું છે. સંસદીય શાસનપદ્ધતિમાં કારોબારીને પોતાનાં સર્જન અને સત્તા પર ચાલુ રહેવા ધારાસભા પર આધાર રાખવો પડે છે. એ દૃષ્ટિએ આ શાસનપદ્ધતિમાં ધારાસભાનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. કારોબારીનું મુખ્ય કાર્ય નીતિવિષયક નિર્ણયો લેવાનું અને ધારાસભાએ પસાર કરેલ કાયદાઓનો અમલ કરવાનું છે.

**(અ) કેન્દ્ર કક્ષાએ કારોબારી :** કેન્દ્ર કક્ષાએ કારોબારીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન-પ્રધાનમંડળનો સમાવેશ થાય છે. હવે આપણે એ બધા વિશે વિગતે જાણકારી મેળવીએ.

### રાષ્ટ્રપતિ

ભારતમાં ગ્રેટ બ્રિટનની જેમ સંસદીય પ્રકારની સરકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ બ્રિટનમાં રાજ્યનાં સર્વોચ્ચ વડા તાજ (તાજ ધારણ કરનાર રાજા અથવા રાણી) છે. તાજને ધારણ કરનાર રાજા અથવા રાણી વંશપરંપરાગત રીતે એ હોદ્દો ધારણ કરે છે. જ્યારે ભારત પ્રજાસત્તાક રાજ્ય છે અને રાજ્યના બંધારણીય વડા રાષ્ટ્રપતિ છે. આપણે ત્યાં રાષ્ટ્રપતિનો હોદ્દો વંશ પરંપરાગત નથી પણ તેમની પરોક્ષ પદ્ધતિથી ચૂંટણી કરવામાં આવે છે.

ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર કારોબારીની સત્તાઓ રાષ્ટ્રપતિને છે. તેઓ આ સત્તાનો અમલ સીધેસીધો અથવા તો તેમના હાથ નીચેના અધિકારીઓ મારફત કરી શકે છે.

### રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો

રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ નીચેની લાયકાતો ધરાવતી હોવી જોઈએ :

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલ હોવી જોઈએ.

(iii) તેનામાં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત હોવી જોઈએ.

(iv) તે કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

### રાષ્ટ્રપતિની ચૂંટણી-પ્રક્રિયા

ભારત પ્રજાસત્તાક દેશ છે. ઉપરાંત આપણે સંસદીય શાસન પદ્ધતિનો સ્વીકાર કર્યો હોવાથી રાજ્યના સર્વોચ્ચ વડા રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી ગુપ્ત મતદાનથી, પસંદગીનો ક્રમ બતાવીને થાય છે. તેમની ચૂંટણી માટે બે નિશ્ચિત મતદાર મંડળોની રચના કરવામાં આવે છે. આ મતદાર મંડળોમાં (ક) સંસદના બંને ગૃહના ચૂંટાયેલા સભ્યો અને (ખ) રાજ્યોની વિધાનસભાઓમાં ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

### શપથવિધિ

રાષ્ટ્રપતિએ હોદ્દો ધારણ કરતાં પહેલાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેમની ગેરહાજરીમાં સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિની હાજરીમાં ગુપ્તતાના સોગંદ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે છે. આ શપથ દ્વારા રાષ્ટ્રપતિ બંધારણ, કાયદાનું રક્ષણ કરવાની તથા ભારતના લોકોની સેવા અને કલ્યાણમાં પ્રવૃત્ત રહેવાની ખાતરી આપે છે.

### સમય-અવધિ

ભારતીય બંધારણની જોગવાઈઓ અનુસાર તેઓ પદ ગ્રહણ કરે ત્યારથી પાંચ વર્ષ માટેની મુદત સુધી તેઓ હોદ્દા પર રહે છે.

### રાષ્ટ્રપતિનો હોદ્દો ક્યારે ખાલી પડે ?

(ક) તેઓ હોદ્દા પર જ હોય અને અવસાન પામે અથવા (ખ) તેઓ હોદ્દા પરથી રાજીનામું આપે અથવા

(ગ) તેમની ચૂંટણીને ગેરબંધારણીય ઠરાવવામાં આવે. અથવા (ઘ) બંધારણીય કલમ-61 અનુસાર મહાભિયોગની પ્રક્રિયા દ્વારા હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે. રાષ્ટ્રપતિપદ ખાલી પડે તેના છ માસમાં જ તેમની ચૂંટણી કરવી પડે છે. તે દરમિયાન ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કામગીરી બજાવે છે.

### રાષ્ટ્રપતિની સત્તાઓ

રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ બંધારણીય વડા છે. બંધારણ દ્વારા તેમને વ્યાપક-વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આ સત્તાઓનો ઉપયોગ તેઓએ વડાપ્રધાન-મંત્રીમંડળની સલાહ અને મદદથી જ કરવાનો હોય છે. આ સત્તાઓને પાંચ વિભાગમાં વહેંચી શકાય છે : (1) ધારાકીય સત્તાઓ (2) કારોબારી સત્તાઓ (3) નાણાકીય સત્તાઓ (4) ન્યાયવિષયક સત્તાઓ અને (5) કટોકટીવિષયક સત્તાઓ.

**(1) ધારાકીય સત્તાઓ :** રાષ્ટ્રપતિ સંસદના અવિભાજ્ય અંગ ગણાય છે એ અનુસાર તેઓ કેટલીક ધારાકીય સત્તાઓ ધરાવે છે.

(i) તેઓ સંસદના બંને ગૃહોની બેઠકો બોલાવવાની, સત્ર સમાપ્તિ કરવાની અને લોકસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

(ii) કોઈપણ ખરડો રાષ્ટ્રપતિની સહી થયા પછી જ કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.

(iii) સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે કોઈ મહત્ત્વની કે તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા વટહુકમો બહાર પાડવાની સત્તા ધરાવે છે. આવા વટહુકમોને સંસદની બેઠક મળે ત્યારથી છ અઠવાડિયામાં ગમે તે ગૃહ સમક્ષ રજૂ કરવા પડે છે. આવા વટહુકમોની અસર સંસદે ઘડેલા કાયદા જેવી જ હોય છે.

(iv) નાણાકીય ખરડા સિવાયના કોઈપણ ખરડાને સંસદની પુનઃવિચારણા માટે પરત મોકલી શકે છે.

(v ) કોઈપણ ખરડા બાબત બંને ગૃહો વચ્ચે મતભેદ પડે તો તેઓ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.

**(2) કારોબારી સત્તાઓ:** ભારતના રાષ્ટ્રપતિ બંધારણીય દૃષ્ટિએ કારોબારીના વડા છે. બંધારણની કલમ 53માં દર્શાવ્યા મુજબ સંઘની બધી જ કારોબારી સત્તાઓ રાષ્ટ્રપતિને હસ્તક મૂકવામાં આવી છે. જેનો ઉપયોગ તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે

પોતાને આધીન એવા અધિકારીઓ દ્વારા કરે છે.

રાષ્ટ્રપતિ બધી મહત્ત્વની નિમણૂકો કરવાની સત્તા ધરાવે છે. જેમાં

(i) વડાપ્રધાનની નિમણૂક તેમજ તેમની સાથે મસલત કર્યા પછી પ્રધાનમંડળના સભ્યોની નિયુક્તિનો સમાવેશ થાય છે.

(ii) સર્વોચ્ચ તેમજ વડીઅદાલતના મુખ્ય તેમજ અન્ય ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

(iii) રાજ્યોના રાજ્યપાલોને નીમે છે. કેન્દ્રશાસિત રાજ્યોના ઉપરાજ્યપાલોની નિમણૂક તેઓ કરે છે.

(iv) ભારતના એટર્ની જનરલ, કૉમ્પટ્રોલર અને ઓડિટર જનરલને નીમે છે. આ ઉપરાંત નાણાપંચ, જાહેર સેવા પંચ, ચૂંટણીપંચ, ભાષાપંચ, નીતિપંચ વગેરેના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરે છે.

(v) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજિક-શૈક્ષણિક પછાત જાતિઓ, લઘુમતિઓ માટેના કમિશનરોની નિમણૂક કરે છે.

(vi) વિદેશોમાં ભારતના રાજદૂતો, હાઇકમિશનરોને નીમે છે. તેમજ વિદેશી રાજદૂતોના ઓળખપત્રોને તેઓ સ્વીકારે છે. અન્ય દેશો સાથેની સંધિ કે કરાર તેમના નામે કરવામાં આવે છે.

(vii) રાષ્ટ્રપતિ સંરક્ષણ દળોના હોદ્દાની રૂએ સર-સેનાધિપતિ (કમાન્ડર ઇન ચિફ) છે. તેઓ ભૂમિદળ, નૌકાદળ, હવાઈદળ અને સંરક્ષણની ત્રણેય પાંખોના વડાઓની નિમણૂક કરે છે.

રાષ્ટ્રપતિની ઉપરોક્ત તમામ સત્તાઓ વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળ તેમના નામે ભોગવે છે. રાષ્ટ્રપતિ ઔપચારિક સત્તાઓ ધરાવે છે. આ બધી સત્તાઓ વ્યવહારમાં વડાપ્રધાન, કૅબિનેટ અને પ્રધાનમંડળ ભોગવે છે. રાષ્ટ્રપતિએ બધી સત્તાઓ પોતાની ઇચ્છાને આધારે નહિ પરંતુ તેમણે વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહ અને મદદથી ભોગવવાની છે.

**(3) નાણાકીય સત્તાઓ :** નાણાકીય ક્ષેત્રે રાષ્ટ્રપતિ નીચે પ્રમાણે સત્તાઓ ધરાવે છે :

(i) કોઈપણ નાણાકીય ખરડો તેમની ભલામણ સિવાય લોકસભામાં રજૂ થઈ શકતો નથી.

(ii) નાણાં પ્રધાન દેશનું વાર્ષિક સામાન્ય અંદાજપત્ર અને રેલવે પ્રધાન રેલવેનું વાર્ષિક અંદાજપત્ર રાષ્ટ્રપતિના નામે લોકસભામાં રજૂ કરે છે.

(iii) સંઘ અને રાજ્યો વચ્ચે કરવેરાની આવકની વહેંચણી કરવા સંબંધે ભલામણો કરવા તેઓ નાણાપંચની નિમણૂક કરે છે.

આમ, તેઓ નામ માત્રની નાણાકીય સત્તાઓ ધરાવે છે. તેઓ નાણાકીય ખરડાનો અસ્વીકાર કરીને રોકી શકતા નથી. તેને સંસદની પુનઃવિચારણા માટે પણ મોકલી શકતા નથી. નાણાકીય બાબતોમાં આખરી સત્તા સંસદના નીચલા ગૃહ - લોકસભાને છે.

**(4) ન્યાયવિષયક સત્તાઓ :** રાષ્ટ્રપતિની કેટલીક મહત્ત્વની ન્યાયકીય સત્તાઓ નીચે પ્રમાણે છે :

(i) લશ્કરી અદાલત સિવાય દેશની કોઈ પણ અદાલતે ગુનેગારને ફરમાવેલી સજા તેઓ માફ કરી શકે છે. ગુનેગારની સજાને હળવી પણ કરી શકે છે.

(ii) ગુનેગારની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રાષ્ટ્રપતિ સજામાં વિરામ આપવાની સત્તા ધરાવે છે. જેમકે નાના બાળકનો ઉછેર કે ગર્ભવતી મહિલાઓને સજામાં વિરામ.

ભારતના રાષ્ટ્રપતિ કાનૂની રક્ષાકવચ ભોગવે છે. તેમના હોદ્દાની મુદત દરમિયાન જે સત્તાઓનો ઉપયોગ કરે છે તે માટે તેમના ઉપર કોઈ પણ ન્યાયાલયમાં કામ ચલાવી શકાય નહિ. તેમની સામે કોઈ ફોજદારી કાર્યવાહી થઈ શકતી નથી. તેમને કેદ કરવા કે ગિરફતાર કરવાનો કોઈ હુકમ ન્યાયાલય કરી શકતું નથી.

**(5) કટોકટીવિષયક સત્તાઓ :** ભારતના બંધારણમાં રાષ્ટ્રપતિને ખાસ સંજોગોને પહોંચી વળવા માટે કટોકટી અંગેની સત્તાઓ આપવામાં આવી છે. તેમાં ત્રણ પ્રકારની કટોકટીઓનો સમાવેશ થાય છે : (i) સલામતીવિષયક કટોકટી (ii) બંધારણીય કટોકટી (iii) નાણાકીય કટોકટી.

**(i) સલામતીવિષયક કટોકટી :** આ પ્રકારની કટોકટી બે પ્રકારે લાદી શકાય છે : (ક) બાહ્ય કટોકટી અને (ખ) આંતરિક કટોકટી.

જ્યારે યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવાની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ હોય તેવું રાષ્ટ્રપતિને લાગે તો તેને પહોંચી વળવા માટે તેને રાષ્ટ્રીય કટોકટી અથવા સલામતીવિષયક કટોકટી જાહેર કરી શકે છે. જેમકે 1962માં ભારત-ચીન યુદ્ધ વખતે કટોકટી લાદવામાં આવી હતી. જ્યારે 1975માં સૌપ્રથમ વાર આંતરિક કટોકટી લાદવામાં આવી હતી.

સલામતીવિષયક કટોકટીની અસરો મુખ્યત્વે કરીને કેન્દ્ર-રાજ્ય સંબંધ પર પડે છે. કારણકે સમગ્ર પ્રદેશ એકતંત્રની વ્યવસ્થામાં ફેરવાઈ જાય છે અને કેટલાક મૂળભૂત અધિકારોનો ભોગવટો મોકૂફ રહે છે. જ્યારે ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે કે હવે કટોકટી ચાલુ રાખવા જેવી પરિસ્થિતિ નથી તો જાહેરનામું બહાર પાડીને તેનો અંત લાવી શકે છે.

**(ii) બંધારણીય કટોકટી :** ભારતના રાષ્ટ્રપતિને કોઈ રાજ્યના રાજ્યપાલ તરફથી એવો અહેવાલ મળે અથવા કોઈ બીજી રીતે રાષ્ટ્રપતિને ખાતરી થાય કે અમુક રાજ્યની સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ તે રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે અને તેને આધારે તે રાજ્યને રાષ્ટ્રપતિના શાસન હેઠળ મૂકવામાં આવે છે. (તેને રાષ્ટ્રપતિશાસન કહેવામાં આવે છે.)

અસરો :

- જે રાજ્યમાં રાષ્ટ્રપતિનું શાસન લાદવામાં આવ્યું હોય તેનો વહીવટ કેન્દ્ર સરકારને હસ્તક આવી જાય છે.
- તે રાજ્યની વિધાનસભાને મૂર્છિત અવસ્થામાં રખાય છે અથવા તો તેની મુદત પૂરી ન થઈ હોય છતાં વિસર્જન કરી શકાય છે.
- રાજ્યના રાજ્યપાલ (ગવર્નર) કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે તે રાજ્યનો વહીવટ કરે છે.
- આ સમય દરમિયાન તે રાજ્ય માટે રાજ્યયાદીના વિષયો ઉપર કાયદા ઘડી શકે છે અને તે રાજ્યના અંદાજપત્રને મંજૂરી પણ આપી શકે છે.

બંધારણીય કટોકટીના જાહેરનામાને સંસદના બંને ગૃહોની મંજૂરી માટે જાહેરનામાને બે મહિનાની અંદર રજૂ કરવું પડે છે અને જો તેને મંજૂરી મળે તો છ મહિના સુધી અમલમાં રહે છે.

**(iii) નાણાકીય કટોકટી :** જો ભારતના રાષ્ટ્રપતિને એવું લાગે કે દેશના કોઈપણ ભાગમાં નાણાકીય સ્થિરતા કે શાખ ભયમાં છે તો નાણાકીય કટોકટીની જાહેરાત કરી શકાય છે. નાણાકીય સ્થિરતા અને શાખની વિશેષ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ કટોકટી દરમિયાન કેન્દ્ર સરકાર નાણાકીય વ્યવહારો માટેના જરૂરી આદેશો રાજ્ય સરકારોને આપી શકે છે. રાજ્યના સરકારી-અર્ધસરકારી કર્મચારીઓ તેમજ સર્વોચ્ચ અદાલત વચ્ચે વડીઅદાલતોના ન્યાયમૂર્તિઓના પગાર અને ભથ્થાઓમાં કાપ મૂકી શકાય છે. ભારતમાં આ પ્રકારની નાણાકીય કટોકટી અત્યાર સુધીમાં જાહેર કરવામાં આવી નથી.

**રાષ્ટ્રપતિની સ્વવિવેકની સત્તાઓ**

રાષ્ટ્રપતિ માત્ર રબરસ્ટેમ્પ નથી. અમુક સંજોગોમાં તેઓ સ્વવિવેકની સત્તાઓ ધરાવે છે. જે તેમણે પોતાના વિવેકને આધીન રહીને ભોગવવાની છે. આ સત્તાઓ તેમના સ્થાનને વધુ મજબૂત બનાવે છે.

(i) લોકસભામાં જ્યારે કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હોય તો, કયા પક્ષ કે કયા ગઠબંધનના નેતાને સરકાર રચવા માટે આમંત્રણ આપવું તેનો નિર્ણય લેવાની સ્વવિવેકની સત્તા રાષ્ટ્રપતિ ધરાવે છે.

(ii) કોઈ પણ સંજોગોમાં અનેક પ્રયત્નો કર્યા છતાં સરકારની રચના થઈ શકે તેમ નથી તેવું લાગે તે વખતે રાષ્ટ્રપતિ એવાં તારણ પર આવી શકે કે, વર્તમાન લોકસભા લોકોનું પ્રતિનિધિત્વ વ્યક્ત કરવામાં નિષ્ફળ ગઈ છે તો તેઓ લોકસભાનું વિસર્જન જાહેર કરી શકે છે.

## ભારતના રાષ્ટ્રપતિનું સ્થાન

ભારતના રાષ્ટ્રપતિને હસ્તક વિશાળ સત્તાઓ મૂકવામાં આવી છે. કટોકટી અંગેની વિશાળ સત્તાઓ એવી દહેશત સર્જે છે કે તેઓ ધારે તો સરમુખત્યાર બની શકે તેમ છે. તેમનાં સ્થાન તથા સત્તાઓ અંગે અનેક વિવાદ સર્જાયા છે. પણ આપણા બંધારણના ઘડવૈયાઓના મતે રાષ્ટ્રપતિ એ એક બંધારણીય વડા છે અને તેઓ પોતાની સત્તાઓનો ઉપયોગ પોતાની મરજી મુજબ કરી શકતા નથી. તેઓ વડાપ્રધાન-પ્રધાનમંડળની સલાહ અનુસાર વર્તવા બંધાયેલા છે. ડૉ. આંબેડકર બંધારણના ઘડતરની પ્રક્રિયા સમયે તેમના સ્થાન અંગે ખુલાસો કરતાં કહેલું કે, ''બ્રિટનમાં રાજાનું જે સ્થાન છે તેવું જ સ્થાન ભારતમાં રાષ્ટ્રપતિનું છે. તેઓ રાજ્યના વડા છે. પરંતુ કારોબારીના વાસ્તવિક વડા નથી. તેઓ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ રાષ્ટ્ર પર શાસન કરતા નથી. તેઓ રાષ્ટ્રની એકતાનું પ્રતીક છે.''

## ભારતના ઉપરાષ્ટ્રપતિ

ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) છે. ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હતા.

**ચૂંટણી :**

સંસદનાં બંને ગૃહોના સભ્યોના બનેલા મતદારમંડળ દ્વારા ગુપ્ત મતદાન પદ્ધતિથી તેમની ચૂંટણી થાય છે.

**ઉપરાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો :** આ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ માટે જરૂરી છે કે,

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 35 વર્ષની ઉંમર પૂર્ણ કરેલી હોવી જોઈએ.

(iii) તે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાની પાત્રતા ધરાવતી હોવી જોઈએ.

(iv) સંઘ કે રાજ્ય સરકારમાં કોઈ પણ પ્રકારનો સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

(v) તે સંસદ કે રાજ્ય ધારાસભાના કોઈ પણ ગૃહની સભ્ય ન હોવી જોઈએ. જો આવી વ્યક્તિ ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટાય તો અન્ય હોદ્દા પરથી રાજીનામું આપવું પડે છે.

## પદની સમય-અવધિ


આ પદની સમયાવધિ સામાન્યતઃ પાંચ વર્ષની છે. આ સમયમર્યાદા પહેલાં તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું આપી શકે છે. રાજ્યસભાના તમામ સભ્યોની બહુમતીથી અને લોકસભા દ્વારા સંમતિ પામેલા રાજ્યસભાના ઠરાવથી તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાય છે. ઉપરાષ્ટ્રપતિના ખાલી પડેલા સ્થાનની ચૂંટણી બની શકે તેટલી ઝડપથી કરવી તેવી બંધારણીય જોગવાઈ છે.

**શપથવિધિ :** ઉપરાષ્ટ્રપતિએ હોદ્દો ગ્રહણ કરતાં પહેલાં રાષ્ટ્રપતિ સમક્ષ અથવા તેમણે આ માટે નીમેલી વ્યક્તિ સમક્ષ શપથ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી પડે છે.

**ઉપરાષ્ટ્રપતિની સત્તાઓ અથવા ફરજો :** કેન્દ્ર સરકારના અગ્રતા ક્રમમાં રાષ્ટ્રપતિ પછી તેઓ બીજા સ્થાને આવે છે. રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની તમામ ફરજ બજાવે છે.

ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકેની ફરજો માત્ર છ માસ સુધી જ બજાવી શકે છે. તે સમયે તેઓ રાષ્ટ્રપતિ તરીકે મળતાં પગાર-ભથ્થાં-સવલતો વિશેષાધિકારો ભોગવે છે. તે સમયે રાજ્યસભાના સભાપતિ તરીકેની ફરજો બજાવી શકતા નથી. તે ફરજ રાજ્યસભાના ઉપસભાપતિ (ડૅપ્યુટી ચૅરમૅન) બજાવે છે. રાષ્ટ્રપતિ જો રાજીનામું આપવા માંગતા હોય તો તેમણે ઉપરાષ્ટ્રપતિને ઉદ્દેશીને રાજીનામું આપવાનું હોય છે.

ભારતમાં કેન્દ્ર કક્ષાએ કારોબારી :



## વડાપ્રધાન અને પ્રધાનમંડળ

સંસદીય સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળની ભૂમિકા અને મહત્ત્વ અનેરું અને આગવું છે. કારોબારીની તમામ વાસ્તવિક સત્તાઓ વડાપ્રધાન અને પ્રધાનમંડળ હસ્તક રહેલી છે. વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે.

બંધારણની જોગવાઈ અનુસાર રાષ્ટ્રપતિને તેમનાં કાર્યોમાં સલાહ અને મદદ કરવા વડાપ્રધાનની આગેવાની નીચે એક પ્રધાનમંડળ હોય છે. રાષ્ટ્રપતિ તેમની સલાહ માનવા બંધાયેલા છે. આ બાબતમાં પ્રધાનમંડળે કઈ સલાહ આપી તે અંગે ભારતની કોઈપણ અદાલતમાં વિવાદ ઉઠાવી શકાતો નથી.

## પ્રધાનમંડળની રચના

(i) સામાન્ય કે મધ્યસત્ર ચૂંટણીમાં ચૂંટાયેલા બહુમતી પક્ષના નેતાની રાષ્ટ્રપતિ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(ii) ક્યારેક કોઈ એક પક્ષને લોકસભામાં સ્પષ્ટ બહુમતી ન મળી હોય ત્યારે સમાન વિચારધારા ધરાવતા પક્ષોની મિશ્ર સરકાર પણ રચાય છે. તેના પસંદ થયેલ નેતાની તેઓ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(iii) વડાપ્રધાનની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના અન્ય સભ્યોની પસંદગી કરે છે.

(iv) રાષ્ટ્રપતિ વડાપ્રધાન તેમજ પ્રધાનમંડળના સભ્યોને ગુપ્તતાના તેમજ હોદ્દાના શપથ લેવડાવે છે.

(v) રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ અનુસાર પ્રધાનોને વિભાગોની વહેંચણી કરે છે અથવા પુનઃરચના કરે છે.

## પ્રધાનપદ માટેની લાયકાતો

(i) પ્રધાનપદ માટે સંસદના ગમે તે ગૃહનું સભ્યપદ જરૂરી છે.

(ii) કોઈપણ ગૃહનો તે વ્યક્તિ સભ્ય ન હોય છતાં તેની નિમણૂક પ્રધાન કે વડાપ્રધાન તરીકે કરી શકાય છે. પણ તેણે છ માસમાં જ ગમે તે ગૃહનું સભ્યપદ મેળવી લેવું અનિવાર્ય છે. નહિતર પ્રધાનમંડળનો ત્યાગ કરવો પડે છે.

(iii) પ્રધાનોની પસંદગી એ વડાપ્રધાનનો વિશેષાધિકાર છે. પક્ષમાં ન હોય તેવી વ્યક્તિને પણ તેઓ પ્રધાનમંડળના સભ્ય તરીકે પસંદ કરી શકે છે.

પ્રધાનો ક્યારેક વડાપ્રધાનની સાથે મતભેદને કારણે સ્વયં છૂટા થાય છે. તો ક્યારેક વડાપ્રધાન પોતે તેમને રુખસદ કે રાજીનામું આપવાની ફરજ પાડે છે.

## પ્રધાનોની કક્ષા (સ્તર)

કેન્દ્ર સરકારના પ્રધાનમંડળમાં ત્રણ કક્ષાના પ્રધાનો હોય છે : (1) કૅબિનેટ કક્ષા (2) રાજ્ય કક્ષા (3) નાયબ કક્ષા.

કૅબિનેટ કક્ષાના પ્રધાનો નીતિ ઘડે છે. સરકારને દોરવણી આપતું તે નાનું રાજકીય મંડળ છે. અન્ય કક્ષાના પ્રધાનો કૅબિનેટ કક્ષાના પ્રધાનોને મદદ કરે છે. ક્યારેક રાજ્ય કક્ષાના પ્રધાનને કોઈક વિભાગનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવે છે. કેટલાક રાજ્યમંત્રી કૅબિનેટ મંત્રીઓને આધીન હોય છે.

## સમય-અવધિ

પ્રધાનમંડળની મુદત લોકસભાની માફક પાંચ વર્ષની છે. વડાપ્રધાનનું અવસાન અથવા રાજીનામાથી પ્રધાનમંડળનો અંત આવે છે અને નવું પ્રધાનમંડળ સત્તા પર આવે છે. લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો સમગ્ર પ્રધાનમંડળ એક ટીમ તરીકે રાજીનામું આપે છે.

## પગાર-ભથ્થાં અને સવલતો

સંસદ વખતોવખત ઠરાવ કરીને તેમનાં પગાર-ભાડાં-ભથ્થાં નક્કી કરે છે. તેમાં નાણાકીય કટોકટી સિવાય કાપ મૂકી શકાતો નથી.

## વડાપ્રધાનનાં કાર્યો

સરકારિયા પંચની ભલામણો તેમજ બંધારણીય સુધારા મુજબ પ્રધાનમંડળના સભ્યોની સંખ્યા લોકસભાની કુલ સભ્ય-સંખ્યાના 15 ટકાથી વધવી ન જોઈએ. ભારતના બંધારણમાં રાજ્યના વડા રાષ્ટ્રપતિને ચોક્કસ સત્તાઓ આપવામાં આવી છે. ભારતના વડાપ્રધાનનું મુખ્ય કાર્ય રાષ્ટ્રપતિનાં કાર્યમાં સહાય અને સલાહ આપવાનું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સંસદીયપ્રથાની સરકારમાં વડાપ્રધાન નિર્ણયો લે છે. તેઓ શાસનના મુખ્ય પ્રવક્તા છે. ભારતના વડાપ્રધાનનાં કાર્યો ને સત્તાઓ નીચે પ્રમાણે છે :

**(1) કારોબારી કાર્યો :** ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર પ્રધાનમંડળના સભ્યોની નિમણૂકનો અધિકાર રાષ્ટ્રપતિ પાસે છે. પરંતુ તે માત્ર ઔપચારિકતા જ છે. વાસ્તવિક રીતે પ્રધાનમંડળના સભ્યોની પસંદગી વડાપ્રધાનનો વિશેષાધિકાર છે. તેમાં સરકારના સાતત્ય અને સંતુલન માટે જુદા જુદા વર્ગો, હિતો, ધર્મો, પ્રદેશોનું પ્રતિનિધિત્વ સચવાય તેવું ધ્યાન રાખવામાં આવે છે.

કઈ વ્યક્તિને કયું ખાતું કે વિભાગ આપવો તે તેમની મરજી પર અવલંબે છે. તેઓ ગમે તે સભ્યને પ્રધાનમંડળમાંથી રૂખસદ આપી શકે છે. પ્રધાનમંડળની પુનઃરચના, ખાતાં કે વિભાગોની પુનઃરચના, બિનકાર્યક્ષમ પ્રધાનોને પડતા મૂકવાની સત્તા તેઓ ધરાવે છે. કોઈ પ્રધાન પ્રધાનમંડળના નિર્ણય સાથે અસહમત થાય તો તેને રાજીનામું આપવાનું કહે છે અથવા પ્રધાનમંડળમાંથી દૂર કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરે છે.

પ્રધાનમંડળની બેઠકનું તેઓ અધ્યક્ષસ્થાન સંભાળે છે. તેમાં નિર્ણય-ઘડતરની પ્રક્રિયામાં કૅબિનેટનું મહત્ત્વ વિશેષ છે. વડાપ્રધાન પણ તેમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તેઓ દેશની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓના ઘડવૈયા છે. તેઓ પ્રધાનો વચ્ચે અને પ્રધાનમંડળ અને રાષ્ટ્રપતિ વચ્ચે સંકલન કે સંપર્ક કડીની ભૂમિકા ભજવે છે.

**(2) ધારાકીય કાર્યો :** વડાપ્રધાન ધારાકીય કાર્યવાહીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ સંસદીય નેતૃત્વ પણ ધરાવે છે. તેઓ બહુમતી પક્ષના નેતા તરીકે લોકસભામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેઓ અધ્યક્ષ સાથે સતત સંપર્ક રાખીને લોકસભાનું સત્ર બોલાવવું, સમય, તારીખ નિર્ધારિત કરવી, સત્રાવસાનની પ્રક્રિયા રાષ્ટ્રપતિ તેમની સલાહ અનુસાર ગોઠવે છે.

તેઓ સંસદમાં રજૂ થનાર ખરડાઓને આખરી ઓપ જે-તે ખાતાના મંત્રી દ્વારા અપાવે છે. સંસદમાં ખરડા પસાર કરાવવામાં સહભાગી થાય છે. તે ખરડાઓના હેતુઓ, ઉદ્દેશો, જોગવાઈઓ વગેરેની સ્પષ્ટતામાં તેઓ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જરૂર પડ્યે આ અંગે વિરોધ પક્ષની તથા સર્વપક્ષીય બેઠક બોલાવીને વિશ્વાસમાં લે છે. તેઓ સરકારના મુખ્ય પ્રવક્તા છે. તેઓ મંત્રીમંડળના નીતિવિષયક નિર્ણયોની ઘોષણા સંસદમાં કરે છે. તે અંગેના જરૂરી ખુલાસાઓ પણ કરે છે.

**(3) નાણાકીય કાર્યો :** વડાપ્રધાનના માર્ગદર્શન તળે નાણામંત્રી વાર્ષિક અંદાજપત્ર (બજેટ) સંસદમાં રજૂ કરે છે. દેશની નાણાકીય નીતિ, આર્થિકનીતિમાં તેમનું દૃષ્ટિબિંદુ નિર્ણાયક હોય છે. કૅબિનેટની બેઠકમાં તેને આખરી ઓપ અપાય છે. ભારતના વડાપ્રધાન હોદ્દાની રૂએ નીતિપંચના અધ્યક્ષ ગણાય છે. જરૂર પડે જે-તે રાજ્યના તેમજ તેના કોઈ વિસ્તારના વિકાસ અંગે કેન્દ્રીય ભંડોળમાંથી ખાસ રાહત પૅકેજ મંજૂર કરે છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓના સમયે તેઓ જે-તે રાજ્યને વડાપ્રધાનના ભંડોળમાંથી સહાય આપે છે.

**(4) વહીવટી કાર્યો :** વડાપ્રધાન સમગ્ર વહીવટી તંત્ર ઉપર વર્ચસ્વ ધરાવે છે. તેઓ દ્વારા ઘડાયેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓને કાર્યાન્વિત કરવા વહીવટીતંત્રને તે દિશામાં વાળીને વહીવટી તંત્રને ગતિશીલ કરે છે. રાષ્ટ્રપતિ દ્વારા થતી વહીવટી નિમણૂકોમાં તેમનો મત નિર્ણાયક રહે છે. વહીવટસંબંધી સંસદમાં પુછાયેલા પ્રશ્નોના તેઓ જવાબ આપે છે. દુનિયાનાં અન્ય રાષ્ટ્રો સાથે સંધિ કે કરારમાં તેમનું જ દૃષ્ટિબિંદુ પ્રભાવશાળી રહે છે. આમ, તેઓ આંતરિક અને બાહ્ય વિદેશ નીતિમાં રાષ્ટ્રપતિની સત્તાઓનો વાસ્તવિક રીતે અમલ કરે છે. આમ, વડાપ્રધાનનું સ્થાન સંસદીય સરકારમાં ચાવી રૂપ છે.

## વડાપ્રધાનનું સ્થાન


ભારતના વડાપ્રધાનની પાસે અનેક સત્તાઓ છે. તે દેશની કારોબારીના વાસ્તવિક વડા છે અને સંસદમાં તેમને બહુમતીનો ટેકો હોય છે.

વડાપ્રધાન કેન્દ્ર સરકારના પ્રધાનમંડળના સુકાની છે. સંસદીય સરકારમાં તેમનું સ્થાન સર્વોપરી છે. તેઓ જ વાસ્તવિક કારોબારી ગણાય છે. તેઓ જ કૅબિનેટરૂપી જહાજના સુકાની છે. દેશની સત્તાના સૂત્રધાર છે. તેઓ સત્તાધારી પક્ષ કે ગઠબંધનના નેતા છે. સંસદના પ્રથમ ગૃહ એવા લોકસભાના પણ નેતા છે.

કાનૂની અને બંધારણીય અર્થમાં તેઓ પ્રધાનોના ઉપરી કે વડા નથી. પણ તેમનું સ્થાન 'સમાનોમાં પ્રથમ' છે.

**(બ) રાજ્યકક્ષાએ કારોબારી :**

**રાજ્ય સરકાર**




### રાજ્યપાલ

ભારતીય સમવાયતંત્રની વિશિષ્ટ જોગવાઈ મુજબ કેન્દ્ર રાજ્ય સંબંધોની કડીમાં રાજ્યની કારોબારીમાં રાજ્યપાલનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. રાજ્યની કારોબારી રાજ્યપાલ તેમજ મુખ્યપ્રધાન અને પ્રધાનમંડળની બનેલી છે. ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર પ્રત્યેક રાજ્યમાં એક રાજ્યપાલની જોગવાઈ કરવામાં આવી છે. ક્યારેક એક જ વ્યક્તિ બે કે તેથી વધુ રાજ્યો માટે રાજ્યપાલ તરીકે નીમવામાં આવે છે.

### નિમણૂક

રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

### લાયકાતો

(i) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તે વ્યક્તિ 35 વર્ષથી વધુ વય ધરાવતી હોવી જોઈએ.

(iii) સંસદના કોઈ પણ ગૃહ અથવા રાજ્યની ધારાસભાના કોઈ પણ ગૃહની તે સભ્ય ન હોવી જોઈએ. જો તે કોઈ પણ ગૃહની સભ્ય હોય તો તે જે દિવસ રાજ્યપાલનો હોદ્દો ધારણ કરે તે દિવસથી તેણે સભ્યપદેથી રાજીનામું આપી દેવું પડે છે.

(iv) તે વ્યક્તિ સંઘ સરકાર તેમજ રાજ્ય સરકારમાં કોઈ સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી રાજ્યપાલ હોદ્દો ધરાવે છે. સામાન્ય રીતે તેમની નિમણૂક પાંચ વર્ષ માટે કરવામાં આવે છે. આ મુદત તેઓ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની ગણાય છે. રાષ્ટ્રપતિ રાજ્યપાલને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે. તેમની અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે પણ બદલી થઈ શકે છે.

રાજ્યપાલે ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપવાનું હોય છે.

**સોગંદ-શપથવિધિ**

રાજ્યપાલે પોતાનો હોદ્દો ગ્રહણ કરતાં અગાઉ રાજ્યની વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ અને તેમની ગેરહાજરીમાં તે ન્યાયાલયના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશની હાજરીમાં હોદ્દાના શપથ લેવા પડે છે અને પ્રતિજ્ઞાપત્રમાં સહી કરવી પડે છે.

**પગાર-ભથ્થાં અને અન્ય સવલતો**

રાજ્યના બંધારણીય વડા તરીકે તેમને રહેઠાણ, પગાર-ભથ્થાં વગેરે સવલતો આપવામાં આવે છે.

**રાજ્યપાલની સત્તાઓ**

કેન્દ્ર સરકારમાં રાષ્ટ્રપતિ જે બંધારણીય વડાનું સ્થાન ધરાવે છે. તેવું જ બંધારણીય વડાનું સ્થાન રાજ્યમાં રાજ્યપાલ ધરાવે છે.

**(1) કારોબારી સત્તાઓ :** રાજ્યપાલ કેટલીક નિમણૂક-સત્તા ધરાવે છે. જેમકે સામાન્ય ચૂંટણી પછી બહુમતી ધરાવતા પક્ષના નેતાને મુખ્યમંત્રી તેમજ તેમની સલાહથી અન્ય મંત્રીઓની નિમણૂક ઉપરાંત અસડવોકેટ જનરલ, રાજ્ય જાહેર સેવાપંચના અધ્યક્ષ તેમજ સભ્યોની ઉપરાંત જે-તે યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની નિમણૂક મુખ્ય છે.

રાજ્યમાંની બંધારણીય કટોકટીમાં કેન્દ્રના પ્રતિનિધિ તરીકે રાજ્યનો સમગ્ર વહીવટ સંભાળે છે.

**(2) ધારાકીય સત્તાઓ :** રાજ્યપાલ રાજ્યની ધારાસભાનું અભિન્ન અંગ છે.

રાજ્યપાલ નવી રચાયેલ ધારાસભાના બંને ગૃહોની અલગ-અલગ બેઠક (બે ગૃહ હોય તો) બોલાવીને તેને સંબોધન કરવાની, વિધાનસભાની સત્રસમાપ્તિ વિસર્જનની, બંને ગૃહોમાં ત્રણેક વાચનમાંથી પસાર થયેલા ખરડા પર સહી કરી કાયદો બનાવવાની, ખરડાને પુનઃવિચાર માટે વિધાનસભાને પરત મોકલવાની, પુનઃપસાર થયેલા ખરડાને મંજૂર કરવાની, કોઈ ખરડાને જરૂર જણાય તો રાષ્ટ્રપતિની મંજૂરી માટે કેન્દ્રમાં મોકલવાની, રાજ્યની વિધાનપરિષદમાં સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજ-સેવા, સહકારી પ્રવૃત્તિઓની તજ્જ્ઞોની નિમણૂક કરવાની તેમજ જ્યારે વિધાનસભાની બેઠક કાર્યરત ન હોય ત્યારે તેવા સંજોગોમાં તાત્કાલિક પગલાં લેવાં જરૂર જણાય તો વટહુકમ પ્રસિદ્ધ કરવાની રાજકીય સત્તા ધરાવે છે.

**(3) નાણાકીય સત્તાઓ :** રાજ્યપાલની પૂર્વ સંમતિથી રાજ્યનું જે-તે વર્ષનું વાર્ષિક અંદાજપત્ર (બજેટ) તેમજ પૂરક માગણીઓ, ખર્ચની જોગવાઈઓ રાજ્યના નાણામંત્રી દ્વારા વિધાનસભામાં રજૂ થાય છે.

વધુમાં રાજ્યની વિધાનસભાની મંજૂરીને આધીન રહીને અણધાર્યા કે આકસ્મિક ખર્ચને પહોંચી વળવા તેઓ રાજ્યના સંચિતનિધિમાંથી રકમ ઉપાડીને ખર્ચ કરવાની સત્તા નાણાકીય સત્તા ધરાવે છે.

**(4) ન્યાયવિષયક સત્તાઓ :** રાજ્યપાલ રાજ્યના ન્યાયિક અધિકારીઓની નિમણૂક, ભરતી, બઢતી, બરતરફીની તેમજ તેમને જે-તે કાયદાના ભંગ બદલ દોષિત ગુનેગારની સજા માફ કરવાની, મોકૂફ રાખવાની, રાહત આપવાની, સજા હળવી કરવાની કે તેમાંથી મુક્તિ આપવાની ન્યાયવિષયક સત્તાઓ ધરાવે છે.

**(5) રાજ્યપાલની સ્વવિવેકની સત્તાઓ :** રાજ્યના રાજ્યપાલ સ્વવિવેકની સત્તાઓના ઉપયોગ થકી તેઓ માત્ર રાજ્યના ઔપચારિક કે વડા કે બંધારણીય વડાથી પણ વિશિષ્ટ દરજ્જો પામે છે. જેમાં કોઈ પણ રાજકીય પક્ષને સામાન્ય ચૂંટણીમાં બહુમતી ન મળે ત્યારે આવી પ્રવાહી પરિસ્થિતિમાં મુખ્યમંત્રીની પસંદગી શપથવિધિ બાબત મંત્રીમંડળે વિધાનસભાનો વિશ્વાસ ગુમાવ્યો તથા રાજીનામું આપે ત્યારે તેમજ મંત્રીમંડળ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલું હોય તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિની સલાહથી

મંત્રીમંડળને બરતરફ તથા મંત્રીમંડળનું પતન થયું હોય, ત્યારે વિધાનસભાનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.

આમ ઉપર્યુક્ત સત્તાઓના અમલીકરણ બાબત તેમને અદાલતમાં પડકારી શકાતા નથી.

**રાજ્યપાલનું સ્થાન**

આપણે ત્યાં સંઘ તેમજ એકમ રાજ્યોમાં સંસદીય પ્રકારની સરકાર અપનાવી હોવાથી સંઘમાં રાષ્ટ્રપતિનું જેવું સ્થાન છે તેવું જ સ્થાન રાજ્યમાં રાજ્યપાલનું છે. રાજ્યના તેઓ બંધારણીય અને ઔપચારિક વડા છે.

આમ છતાં પણ આ હોદ્દાની ઊજળી બાજુ પણ છે. જો રાજ્યપાલ પીઢ, અનુભવી, કાબેલ, રાજનીતિજ્ઞ અને દીર્ઘ દૃષ્ટિવાળા હોય તો રાજ્યમાં અસરકારક પ્રભાવની છાપ અંકિત કરી શકે છે.

રાજ્યના રાજ્યપાલ શાસનકર્તા નથી પરંતુ બંધારણની રખેવાળી કરનાર છે.

**રાજ્યના મુખ્યમંત્રી - મંત્રીમંડળ**

સંઘ સરકારમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે. તે જ રીતે મુખ્યમંત્રી અને મંત્રીમંડળ જે-તે રાજ્યમાં વાસ્તવિક કારોબારી ગણાય છે.

બંધારણની જોગવાઈ મુજબ રાજ્યપાલને મદદ કરવા અને સલાહ આપવા માટે મુખ્યમંત્રીના વડપણ હેઠળ મંત્રીમંડળની જોગવાઈ કરવામાં આવી છે. પણ વ્યવહારમાં સંસદીય સરકારની પ્રણાલી મુજબ વિધાનસભામાં ચૂંટાઈ આવેલ બહુમતી પક્ષના નેતાની રાજ્યપાલે મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવાની હોય છે.

મુખ્યમંત્રીની સલાહ મુજબ રાજ્યપાલ અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે. મંત્રીઓ વિધાનસભામાં બહુમતીનો ટેકો હોય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકે છે.

મુખ્યમંત્રી કે મંત્રી તરીકે નિમાનાર વ્યક્તિ ધારાસભાના ગમે તે ગૃહની વિધાનસભાની કે વિધાનપરિષદની સભ્ય હોવી જોઈએ. જો તે ન હોય તો છ માસની મુદતમાં ગમે તે ગૃહના સભ્ય તરીકે ચૂંટાઈ આવવું અનિવાર્ય છે, નહિતર તેઓને તે પદનો ત્યાગ કરવો પડે છે.

**શપથવિધિ**

મુખ્યમંત્રી તેમજ અન્ય મંત્રીઓને તેમના હોદ્દાના તેમજ ગુપ્તતાના સોગંદ રાજ્યપાલ લેવડાવે છે અને ત્યારબાદ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરાવે છે.

**પ્રધાનોની કક્ષા (સ્તર)**

રાજ્યના પ્રધાનોની કક્ષા ચાર પ્રકારની છે :

(અ) કૅબિનેટ (બ) રાજ્યકક્ષા (ક) નાયબકક્ષા (ડ) સંસદીય સચિવ

આ કક્ષા અંગેની જે-તે વ્યક્તિની પસંદગી માટે મુખ્યમંત્રી વિશેષાધિકાર ભોગવે છે.

રાજ્યના મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળના સભ્યોનાં પગાર, ભાડાં-ભથ્થાં તથા અન્ય સવલતો રાજ્યની ધારાસભા કાયદા દ્વારા નક્કી કરે છે.

**મુખ્યમંત્રીનાં કાર્યો**

મુખ્યમંત્રી અને મંત્રીમંડળ વાસ્તવમાં રાજ્યના કારોબાર-વહીવટની ધુરા સંભાળે છે. મુખ્યમંત્રીને કેટલાંક કર્તવ્યો નિભાવવાના હોય છે જે નીચે મુજબ છે :

(1) મંત્રીમંડળના સભ્યોની પસંદગી તેમજ તેમને ખાતાઓની વહેંચણી, પુનઃવહેંચણી, મંત્રીને રુખસદ, નવા મંત્રી તરીકેની પસંદગી વગેરે જેવા વિશેષાધિકાર છે.

(2) રાજ્યના રાજ્યપાલ અને મંત્રીમંડળ વચ્ચે વહીવટી સંકલન જાળવવાનું કાર્ય કરે છે.

(3) મંત્રીમંડળની બેઠકનું અધ્યક્ષ સ્થાન સંભાળે છે તેમજ ગૃહમાં શાસક પક્ષના નેતા તરીકેની તમામ જવાબદારી સંભાળે છે.

(4) રાજ્યના હિતોના સંવર્ધન તેમજ રક્ષણ માટે કેન્દ્ર કક્ષાએ અસરકારક રજૂઆત કરી રાજકીય નેતૃત્વની ભૂમિકા સર્જે છે.

(5) સત્તાધારી અને વિરોધ પક્ષ વચ્ચે સરકારને એક ટીમ તરીકે નેતૃત્વ પૂરું પાડે છે.

(6) રાજ્યમાં માનવસર્જિત તેમજ કુદરત સર્જિત આપત્તિઓમાં અસરકારક નેતૃત્વ પક્ષ ત્વરિત નિર્ણયો લઈને પ્રજાને રાહત આપવાનું આગવું કાર્ય કરે છે.

(7) રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણયો તેમજ નવી યોજનાઓમાં પ્રજાને લાભાન્વિત કરાવે છે, જે તેથી કરીને પ્રજાનો બહોળો વધુ વિશ્વાસ સંપાદન કરવાનું કાર્ય કરે છે.

આમ, રાજ્યની કારોબારીમાં મુખ્યમંત્રી અનેકવિધ કાર્યો કરીને રાજ્યના વિકાસમાં આગવું પ્રદાન કરે છે.

### મુખ્યમંત્રીનું સ્થાન

રાજ્યની કારોબારીમાં મુખ્યમંત્રીનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. કેન્દ્ર કક્ષાએ જેવું સ્થાન વડાપ્રધાનનું છે તેવું સ્થાન રાજ્ય કક્ષાએ મુખ્યમંત્રીનું છે. તેઓ બહુમતી ધરાવતા પક્ષના નેતા છે. ગૃહના નેતા છે અને મંત્રીમંડળના અધ્યક્ષ છે. મંત્રીમંડળના સર્વેસર્વા અને ચાલક બળ છે. સરકારને નેતૃત્વ બક્ષે છે. નીતિવિષયક બાબતના પથદર્શક અને સમર્થ સુકાની છે. તેઓ મંત્રીમંડળરૂપી કમાનની આધારશિલા છે. તેઓ મંત્રી-મંત્રી વચ્ચે, મંત્રી અને ધારાસભા વચ્ચે, મંત્રી અને નાગરિક વચ્ચે, સરકાર અને નાગરિક વચ્ચે મંત્રીમંડળ અને રાજ્યપાલ વચ્ચેની સંપર્ક કડી છે. નીતિવિષયક બાબતોના ઉદ્‌ઘોષક છે. સરકારમાં તેમજ રાજ્યની વહીવટી વ્યવસ્થા-પ્રક્રિયામાં તેમનો અવાજ મહત્ત્વનો છે.

### મંત્રીમંડળની સામૂહિક જવાબદારી

સમગ્ર મંત્રીમંડળની બેઠક ક્યારેક જ થાય છે. મોટે ભાગે કૅબિનેટ કક્ષાના મંત્રીઓની બેઠક જ વારંવાર થાય છે અને તેમના દ્વારા જ તમામ મહત્ત્વપૂર્ણ તેમજ નીતિવિષયક નિર્ણયો લેવાય છે. પરંતુ આવા લેવાયેલા નીતિવિષયક નિર્ણયો અંગે સમગ્ર મંત્રીમંડળ સામૂહિક રીતે જવાબદાર છે. સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત એ સંસદીયપ્રથાનું હાર્દ ગણાય છે. સમગ્ર મંત્રીમંડળ એક ટીમ-જૂથ તરીકે કૅબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયનો બચાવ ધારાસભાની અંદર તેમજ બહાર કરવા બંધાયેલા છે. જો કોઈ મંત્રી કૅબિનેટના નિર્ણય સાથે વ્યક્તિગત રીતે અસંમત થાય તો તેને રાજીનામું આપવાનો આદેશ આપવામાં આવે છે. કૅબિનેટમાં લેવાયેલા નિર્ણયો માટે કોઈ પણ મંત્રીમંડળના સભ્ય જાહેરમાં તે નિર્ણયની વિરુદ્ધ પોતાનો અભિપ્રાય આપી શકતા નથી. તેમણે તો તે નિર્ણયનો જાહેરમાં બચાવ જ કરવાનો હોય છે.

આપણે કેન્દ્ર કક્ષાએ અને રાજ્ય કક્ષાએ કારોબારીના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી. આ બંને એટલે કે કેન્દ્ર અને રાજ્ય સ્તરની કારોબારીના સંદર્ભમાં વધુ તફાવતો નથી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) કારોબારીનાં કાર્યો જણાવો.

(2) વડાપ્રધાનનાં કાર્યો જણાવો.

(3) ભારતના રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ જણાવો.

(4) ભારતના રાષ્ટ્રપતિની કટોકટીવિષયક સત્તાઓ જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ભારતના રાષ્ટ્રપતિનું સ્થાન

(2) રાજ્યપાલની સત્તાઓ

(3) રાજ્યના મુખ્યમંત્રીનાં કાર્યો

(4) રાષ્ટ્રપતિની કારોબારી સત્તાઓ

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) ભારતના રાષ્ટ્રપતિપદ માટેની લાયકાતો જણાવો.

(2) ભારતના ઉપરાષ્ટ્રપતિપદ માટેની લાયકાતો જણાવો.

(3) કેન્દ્રકક્ષાના પ્રધાનમંડળની રચના જણાવો.

(4) ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી-પ્રક્રિયા સમજાવો.

(5) રાજ્યપાલનું સ્થાન જણાવો.

(6) સંસદીય કારોબારી એટલે શું ?

(7) પ્રમુખીય કારોબારી એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) સરકારનાં અંગો કેટલાં અને કયાં-કયાં છે?

(2) કારોબારીનું મુખ્ય કાર્ય કયું છે?

(3) કારોબારીનો સરળ અર્થ આપો.

(4) કારોબારીના કેટલા અને કયા-કયા પ્રકારો છે ?

(5) રાજ્યના મંત્રીમંડળના પ્રકાર કેટલા અને કયા-કયા છે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) ભારતના રાષ્ટ્રપતિ રાજ્યસભામાં કેટલા સભ્યોની નિમણૂક કરે છે ? ☐

(અ) 9 (બ) 10 (ક) 11 (ડ) 12

(2) બંધારણની કઈ કલમ અનુસાર રાષ્ટ્રપતિ સામે મહાભિયોગની કાર્યવાહી થઈ શકે છે ? ☐

(અ) કલમ-63 (બ) કલમ-62 (ક) કલમ-61 (ડ) કલમ-60

(3) ભારતમાં આજ સુધી કઈ કટોકટીની જાહેરાત થઈ નથી ? ☐

(અ) નાણાકીય (બ) આંતરિક (ક) બાહ્ય (ડ) બંધારણીય

(4) ભારતના રાષ્ટ્રપતિને હોદ્દાના અને ગુપ્તતાના સોગંદ કોણ લેવડાવે છે ? ☐

(અ) અધ્યક્ષ (બ) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ

(ક) રાજ્યપાલ (ડ) ઉપરાષ્ટ્રપતિ

(5) રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિ પદનો સમયગાળો કેટલો છે ? ☐

(અ) 3 વર્ષ (બ) 4 વર્ષ (ક) 5 વર્ષ (ડ) 6 વર્ષ

(6) બે ઍંગ્લોઈન્ડિયન સભ્યોની રાષ્ટ્રપતિ કયા ગૃહમાં નિમણૂક કરે છે ? ☐

(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનસભા (ડ) વિધાનપરિષદ

(7) ભારતના એટર્ની જનરલને કોણ નીમે છે ? ☐

(અ) મુખ્ય ન્યાયાધીશ (બ) રાજ્યપાલ (ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) રાષ્ટ્રપતિ

(8) રાજ્યના ઍડવોકેટ જનરલની નિયુક્તિ કોણ કરે છે ? ☐

(અ) રાજ્યપાલ (બ) મુખ્યમંત્રી (ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) રાષ્ટ્રપતિ

(9) સરકારને કેટલાં અંગોમાં વિભાજિત કરવામાં આવે છે ? ☐

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

(10) સંસદીય સરકારનો આદર્શ નમૂનો ગણાય છે. ☐

(અ) ભારત (બ) ગ્રેટબ્રિટન (ક) કૅનેડા (ડ) બ્રાઝિલ

**પ્રવૃત્તિ**

- ભારતના રાષ્ટ્રપતિભવનની મુલાકાતનું આયોજન કરો.
- ગુજરાતના રાજભવનની મુલાકાત લો.

●